
दोसी भाइचंदभाइ महावजी नुं जन्म चरित्र.

લખનાર

જમનાદાસ વિ. હીરજી દોસી

રેહેવાશી સિહોર પણ હાલ સરવીસ વડોદરા.



अमदावादमां.

'समशेर बाहादुर' छापखानामां छाप्युं.

संवत १९४०—सने १८८४

(સ્વજ્ઞાતિ ભાઇઓને ભેટ આપવામાં આવશે.)

2243

૨૨૫૩

टुंक विचार.

સ્વપન રૂપ સંસારમાં મનુશ દેહ ધારણ કરી સુશીલ અને સદ્આચરણથી નીયંતાના કાનુનો અનવા ... નં સા રથક કરી લોકપ્રીય થવું એ અવશ્ય પ્રથમ ... સત્વ છે. આ અવનીના આર્યબંધુઓ વર્તમાન કાલમાં જે હીલચાલ ચલાવે છે તે અસંતોષકારક અને ગ્લાનીરૂપ ઠાર ઠાર આપણા જોવામાં આવે છે વીશેષ ભાગ સ્વાર્થી કુટીલ, દાંભીક અને અસત્ય વકતાનો છે તેના અગ્રેસર કારણો તુરતવેળા એટલાજ જણાય છે કે સદ વરતનની શિ ક્ષાતાવસ્થા થઇ છે. સંપનો પાઓ નાબુદ થઈ અસત્ય અને ઇરષાનો સોટો પ્રબળ રીતે પ્રચાર પામ્યો છે છતાં માત્ર સંતોષ માનવા મન સ્થીર રેછે તે ફક્ત સુશીલ, દયાળુ તેમજ પરોપકારી કેટલાક મહન્ત પ્રાણીમ યોગ્ય વીર પુરષો થીજ. પણ અરે ચાલતી આવેલી દ્રઢ દંત કથાઓ (દુઃખ તે ડેસ, દુબલે વેઠ. દુકાલમાં અધીક માસ) પ્રમાણે આર્ય ભુમીની અવદસાથી તેવા પુરષો રફતે રફતે આ ક્ષણભંગુ નાસવંત દુનીયા છોડી સ્વર્ગનીવાસી થવા લાગ્યા છે ઓ આરય ભુમી અને પ્રીય આરયો આવા મહા ગ... ...

ગોળાના પ્રહારની સામે ભાગે ટાંટીએ ક્યાં સુધી ઉભે રેવા નુ. ખ્યાલ કરો અને સતવર સજ થાઓ. સંપ ધારણ કરો. ઇરષાથી અળગા રહો. અને સત્ય વાચકપણાથી દેશની સેવા બજાવવા પોતાની ફરજ પુરત કામગરી સમજી કમર કસો. હવેતો છેક માથે પડી છે છતાં વેહેમના પ્રતીબંધથી મીથ્યા મોહપાસમાં સામાટે વીટાઇ રહ્યાછો જુઓકે. આ વનીમાં [illegible] દગલબાજ અને પ્રપંચના પુતળાંઓની બાજે વખતના [illegible]ીરદીઓ જાહેરમાં જે પ્રવરતે છે તે તરફ નેક નીયાની—સુષ્ય—મનોવૃતીનું વલણ ચલાવી જોઇએ છીએતો ચોમેર અપશોષ, અપશોષ અપશોષ વીના અન્ય દ્રષ્ટીને દેખાવ આપતુ નથી. અરેરે! ઓ જગત નીયંતા વીભુ તુ આર્ય બંધુઓને શાહાય થા અને તેમના અંતઃકરણોની નીરમલતા સારૂ તારી અપાર શકતીની પ્રેરણા કર, કુટીલ પ્રાણીના દેહને અવની અંતશમય પોતાના કુકર્મો અને કુચાલનાં કૃત્ય આડે આવી જે બ્યથાઓ થાય છે તે તેની કુટીલતાના પ્રત્યંતરો આબેહુબ અષ્ટીના રથા યક પ્રાણીઓને વીનયથી બતાવી આપે છે કે વીભુની સુ શિક્ષણ્ય કુવત કરણી તેવી પાર ઊતરણી તેનો આ એ ન દેખાવ છે, જીંદગીના અંત વખત કૈક મનુષ્યો આ નાયાશ સુખ ચેનમાં સમાધી તરીકે સ્વર્ગ નીવાશી થાય છે અને કૈક મહા દુખ વેદનાથી રીબાઇ રીબાઇ આખેર

૨૨૫૭

કાળચક્રને તાબે થાય છે આ વેદનાઓ વખત આપી મંડળ જોવા નીમતાણુ પાસે આવવા કંટાળે છે, દુનીયામાં પ્રણામ પાત્ર વીર અને મભાવાળા મહંત પુરશોના ભાશીની નીશાની શારૂ જન્મ ચરીત્રો લખી પ્રજાની જાહેર શેતામાં મુકવાં એ અવસ્ય છે. આણચંદ ભાઈની ગુણુ ગર્જનાના ધન્યાવ્ય નાદથી તેમની [illegible] દી જે પ્રદોમા પાની છે. તેમાં મજ [illegible] આ પ્રાત્ન મનની ઉર્ની [illegible] ઉપાસાર્થે [illegible]

કપોલ જ્ઞાતીમાં પારસર ગોત્રમાં એક સ્તુતીપાત્ર પુરશ થઈ ગયા છે. અને તેમનુ જન્મ ચરિત્ર લખવા મને કેટલાક સ્વજ્ઞાતી બંધુઓ તથા તેમની મહતા જાણનારા જેનટલમેન્ટોનો આગ્રહ પુર્વક સુચનાને લીધે મારી શરીરનો વખત બચાવી યથા સ્થીત અને યોગ્ય આ ગારૂ ક્રાર્ય છે; પ્રુફશીટ અને ફેરમેટર તપાશવા તથા લખવા મારી તબીયતની અશક્તીના કારણથી હુ પુરતો લક્ષ આપી શકો નથી એટલે તે કામ મે બીજાથી લખ્યુછે તો હરત દોષ કીંવા વ્યક્ર ગુનો દોષ રહી ગયો હસે તો વાંચનાર શાજનો ક્ષમા કરી સુધારી વાંચસો,

તા० ૧—૪—૯૪

લી० લખનાર.

દોસી ભાઇચંદભાઇ મહાવજીનું જન્મ ચારિત્ર.

પ્રભુ પ્રાર્થના

(વસંત તીલકા વૃત.)

તું સત્યરૂપ સુખદાયિ સુબુદ્ધિ દાતા,
ત્રાતા અનંત જગનો સહુનો વિધાતા;
ઉદ્દેશ ધારી શુભ, યત્ન કરે નરો જે,
તેને જરૂર જગદીશ સહાય દેજે,

આ અવનીમાં આત્મશુદ્ધિ મેળવવાને માત્ર સુજશ એ પ્રૌઢ સાધન છે. જયધ્વનિ અને કીર્તિના અમર ફ-ળો સૃષ્ટિમાં સર્વ સ્થળે જે પ્રસાર પમાડે છે, તેજ આ ભવસાગર જીતે છે. સંસારમાં વિકટ પ્રસંગો અને વ્યથા માણસને જીંદગી સાથેજ જોડાયેલાં હોય છે, તે શું કિ-રતાર ઉચ્ચ પદ આપવાને માટેજ કસોટી લે છે એવું મા ણસો નહીં સમજતા હોય? આહા જેના દેહનુ ચિન્હ પણ જોવામાં આવતું નથી, જેનો આત્મા સર્વ માણસના જે-

વોજ હતો, જેની માણસાઇમાં, રૂપમાં, કદમાં અને આ
કારમાં બીજા માણસથી બિલકુલ તફાવત નહીં હતો તે
માણસો અને આપણે પણ માણસોજ. કેટલાએક સત્યને
માટે, કેટલાએક સુરતાને માટે, કેટલાએક વચન સિદ્ધિને
માટે અને કેટલાએકતો ન્યાયને માટે અદ્યાપિ પુજાય છે.
જેની ગુણ ગર્જના ઠામ ઠામ ગાજી રહી છે તેવા નરો કૈલા-
સવાસી થયા છતાં માત્ર પોતાની કીર્તિથી અને સુચાલ
થી અન્યજનોને પ્રબોધ આપે છે. લોકો કહે છે કે અ-
મુક ઇશમ સંસાર જીત્યો તે માત્ર તેના સદ્વર્તનથી. પો
તાનું જે આ અવનીને સ્મરણ કરાવે છે તેજ એ ઉમદા
કિતાબ મેળવી શકે છે, તેજ પ્રભુ પદ પામે છે અને તેજ
પુજ્ય ગણાય છે. કદાચ કરોડોપતી હોય, બાળગોપાળ
અને આપ્ત મંડળ આનંદ પમાડે એવું સદગુણી હોય.
અષ્ટમાસિદ્ધી અને નવેનીદ્ધીનો ઘરમાં અહોનિશ નિવાસ હોય
પણ તે કુવાની ઘટમાળની પેઠે નિર્ફૂત થઇ અહીંનું અહીં
જ રહે છે. મજકે અવસાન કાળે અવનીના મોહક પદાર્થો
સાથે થતા નથી એવા વિચાર નહીં લાવતાં અંતે મનુ-
ષ્યો મિથ્યા મોહપાસમાં સપડાય છે, તેથી તેઓ પોતાનું
શુભ કર્તવ્ય અદા કરી શકતા નથી. સૃષ્ટિમાં મનુષ્યની
મોટી સંખ્યા છે પણ અવસાન કાળ પછી સુવાસ લેનાર
તો કોઇકજ મહન્ત પુરૂષ જોવામાં આવે છે, કેટલાએક
પૈસાના મદથી, કેટલાએક રાજ્યમદથી, કેટલાએક માત્ર મિ

ક્યા મગરૂરીથી પોતાની ગાથા મુકે છે. પંગુ પ્રભુ ન્યાયી છે. કરણી તેવી પાર ઉતરણી એ કહેત તો ઊમદા સુક્ષિણ આપનારી છે. માટે સર્વ કોઈએ જીંદગી સાથે કીર્તિને જોડવી એ આવશ્યપણે પ્રથમ દર્શણિક અનુમાનછે.

આ જન્મચરિત્ર દોસી ભાઈચંદભાઈ મહારાજનુંછે અને તેને નીતિની રીતિપર પ્રીતિ હોવાથી પરોપકારપર પ્યાર હોવાથી અને ઊદારદીલ હોવાથી તેઓએ જે સુજશ મેળવ્યોછે તેને માટે માત્ર નામની પ્રસંસા સારૂ મારો આ પ્રયત્નછે. મારૂ લખવું શરૂ કરતા પહેલાં ત્રિભુપત્યે મારી દીન યાચના છે કે જે માણસો સકલ સૃષ્ટીમાં અનતકાળ પોતાના સત્કાર્યથી ચિરાયુછે, તેમને સ્વર્ગ આપો અને તેમનો જય થાઓ.

આ સહનસીલ, દેશ હીતેચ્છુ અને શૂરવીર નર (દોસી ભાઈચંદભાઈ) સંવત ૧૮૭૬ના પ્રથમ જેષ્ટ વદી ૩ મંગળવારને રોજ સાધારણ કુટુંબમાં કાઠીઆવાડ પ્રાંતના સુધારાને માટે પ્રદીપ્ત એવા ભાવનગર સંસ્થાન તાબાના ગામ ઉગરાળામાં જન્મ્યા હતા. તેમના વડીલની સંસાર સ્થિતિ જો કે ઘણી સર્વોત્કૃષ્ટ નહોતી, પરંતુ તેમનો મોશાળ પક્ષ તે વખતમાં ઉતમોત્તમ કારકીરદી રાજ્ય દરબારી બાબતોમાં ભોગવતો હતો. અને તેમનાજ આશરા નીચે માહાવજી દોસી સિહોરમાં આવી વસેલા—તેમને રાઘવજી ઉરફે ભાણાભાઈ, હીરજીભાઈ, ભાઈચંદભાઈ અને

ઓધવજીભાઇ એ ચાર પુત્રો થયા. ભાઇચંદભાઇમાં જન્મ-
થી કેટલાએક કુદરતી ગુણોએ એવો તો દ્રઢ નિવાસ કરી
ઘેલો હતો કે તેની જાહેર ઝલાલીના તેજસ્વી કિરણો
આજ પર્યંત પ્રકાશિતછે. તેમાં પ્રાધાન્યપદે સ્પષ્ટવકતા પણું
ચપળતા, દયા, ઊદારતા, પરોપકાર, નીતિ અને એક પ-
ત્નિવ્રત એ ગુણો હતા. તેઓએ માત્ર ૧૬ (સોલ) વરસની
વયમાં તે વખતની કારકીર્દી અનવય ગુજરાતી ભાષાનુ સારૂં
જ્ઞાન મેળવી બુદ્ધિની અતી તિવ્રતાને લીધે સાધારણ ધર્મ
શાસ્ત્રનુ અધ્યન કીધેલું.

વિદ્યા એ આફતનો અટકાવ, બદીનો બચાવ. દારિ-
દ્રને દુર કરનાર અને ગ્રહણ કરનારની કારકીર્દિ દીપાવનાર
અસાધારણ સતાયુકત સાધન છે, સૃષ્ટિ જીવન પાળક વિ-
ભુની અકળિત કૃતીની બલિહારી છે! બલિહારી એટલાજ
માટે કે ઘણી વખત એવા પ્રસંગો જોઇએ છીએ કે
જુજ જ્ઞાન ધરાવનારાઓ પણ ભોળા અનુભવી માણસો
ઉન્નતિ પામી દેશને, રાજ્યને, અને જ્ઞાતિને એટલે દરજે
ઉપયોગી થઇ પડે છે કે ફરી તેની પડેલી ખોટ ભાગ્યે-
જ પુરાય. આહા! શું સર્જનહારની સંકળના.

આ ભુજંદે એક બાલયુકત નર પોતાની અઢાર વ-
રસની ઊમરે એટલે સંવત ૧૮૯૮ની સાલમાં દરબાર નો
કરીમાં પ્રથમ મરહુમ મહારાજા સાહેબ જશવંત સીંહજી
અને હાજીરાજ ઉરફે ખખેરાજજી તથા તેમના પિતા દા

દાભા ઉરફ ભાવસિંહજી એ વખતમાં શિહોર કેમ્પર પદે હુ
તા, તેમની પાસે પ્રાયવેટ કારભારી તરીકે દાખલ થયા. તેઓ
રખીરદીમાં પ્રથમ નવાગામ અને ભોગાદની મોટી પુરા
તન તકરારનો અમદાવાદ જીલાના કલેકટર સાહેબ પાશેથી
નીકાલ કરાવી લાવ્યા, તેથી અખેરાજજી મહારાજ વગેરે
ની મોહોટી મેહેરબાની મેળવી, તેમના ખાનગી વહીવટ
ના ત્રાપજ માહાલનો કારભાર સંપાદન કીધો, અને શં
વત ૧૯૦૮ની સાલમાં ભાવનગર સંસ્થાનના મહારાજા
વિજય સીંહજી કૈલાસવાશી થયાથી અખેરાજજી ઉરફે
દાજીરાજ ગાદીનસીન થયા. તેમણે પોતાના પાસે પ્રાયવે
ટ કારભારીનો હુદ્દો બક્ષીસ કરયો. તે કામ ચપળ અને
તીવ્ર બુદ્ધીથી ત્રણ વરસ સુધી કરયું. બાદ સંવત ૧૯૧૧
ની સાલથી તે લગાયત અનુક્રમ સંવત ૧૯૧૯ ની સા-
લ સુધી સિહોર, ટાણા અને ઉમરાળા એ ત્રણ તાલુકા
ના વહીવટદાર તરીકેનો ચારજ પોતાની પાસેરહયો, દરમી
આંન ૧૯૧૧ ની શાલમાં પ્રખ્યાત મહારાજા શ્રીજશવંત
સિંહજીનું લગ્ન શિહોરમાં પોતાના શેકટેરી પણા નિચેચા
ર ઠકરાણા સાથે થયું, તેમાં રૂપીઆ બે લાખનો મોટો
ખરચ કીધા છતાં શાબાવર યાને સભ્ય સંકલનાથી એ
પ્રૌઢ મેળાવડાનુ કર્ય સંતોષકારક રીતે સરંજામ ઉતારી
પોતાના કામથી મહારાજાને સંતોસ પમાડયો; જેથી રૂપી
આ પાંત્રીસેંની કીમતની મોટી બક્ષીશોનો સરપાવ ઇના

યત થયો. હવે પોતાના તાબામાં ત્રણ માહાલના વહીવટનું કામ આપ્યું, તેમાં પણ બુદ્ધિ બળ, સ્પષ્ટવકતા પણું, મિલનસારયુક્ત દયા ળુ અને પરોપકારી સ્વભાવ સાથેની તીવ્ર ચાપળતાને લીધે પ્રગણાઓ આબાદ કરી તેની ઉપજ માં વધારો કરયો અને રઇયતનો સ્નેહ મેળવ્યો વળી ઉમરા ળા પ્રગળામાં સરોડ વગેરે નવાં ગાંમો વસાવ્યાં. તેમજ વળાં સંસ્થાન સાથે ઉમરાળા માંહાલના લાગેલા ગામો ના સીમાડાની ઘણી મુદતની સગળ તકરારોનું નિર્વાદ પણ કરી માહાલની વારસીક ઊપજમાં રૂપીઆ છ હજાર નો વધારો કરયો, વગેરે રાજ્ય ભક્તિની લાગણી માહારાજને રોશન થતા સંવત ૧૯૨૦ ની શાલમાં સં સ્થાનના મુખ્ય અને આગેવાન સરવોપરી મહુવા મહાલ ના વહીવટનું કામ સોંપ્યું, તે વખતમાં શિહોર તાલુકાનો વહીવટ પોતા તરફજ હતો, લગાયત સંવત ૧૯૨૮ સુધી મહાલનો દરોબરત કારભાર પોતાની કારકીરદીમાં દીપાવી અનહદ રાજ્ય સેવા બજાવી, રતનપર વગેરે નવાં ગામો બાંધ્યાં તથા મહાલના કેટલાએક ગામો ઉજડ હતાં તે વ સાવી તાલુકો સગળ રીતે આબાદ કરી રઇયતની એવી સજડ પ્રીતી સંપાદન કરીકે આજતલક એ કારભારની કા રકીરદી ઊપર લોકો ફિદા છે.

સુવર્તન એ માણસની આખી જીંદગીનું ભુશણ છે ને.કી અને સુવર્તન એ મોટામાં મોટી યશરેખા છે ખ્યાલ

કરે કે માણસને સુખ દાયક, લાભ આપનાર, ઉન્નતિ એ ચઢાવનાર કીંવા હીતકારક, તેમજ જન્મ સફળ કરનાર માત્ર નેકી અને સુવર્તનછે. આ બંને ઊમદા ગુણો ભાઈચંદ ભાઈમાં મુખ્ય હતા વળી લોકોની વ્યાજબી દાદપર પુરતુ લક્ષ આપવું. અને તેમનું કષ્ટ કાપવું, રઈઅત સદાસુખી રહે એવા ઉપાયો યોજવા વિગેરે બાબતમાં તેઓ એકા હતા.

સંવત ૧૯૨૬ ના ચૈત્ર સુદી ૧૦ ના રોજ સંસ્થાનની જહોજલાલીના બુલંદ—પ્રદીપ્ત કિરણો દીપાવનાર મહારાજા જશવંત સિંહજી કૈલાસ વાસી થવાથી સંસ્થાન જોઇન્ટ એડમિનિસ્ટ્રેટર મેનેજર સાહેબોની સતા તળે આવ્યું. આ જોઇન્ટ સાહેબોની સ્તુતીપાત્ર દાનાઈની રાજ્ય ભક્તિના કારણ અનવયની મેહેરબાનીનું સત્યાક્તા અને જુના અનુંભવી તરીકે વલણ સંપાદન કર્યું. અને એ સાલના નિગનોકી ફારફેરમાં મહુવા વહીવટદારની જગોએ કાયમ રહ્યા બાદ ૧૯૨૯ ની સાલમાં કુંડલા મહાલનાં કાઠી ચોથ ભાગીઆની દરબાર સાથેની મોટી હક સબંધી જુની તકરારોના નિકાલ કરાવવાના જોખમ ભરેલા કામને માટે તે મહાલના વહીવટદારનો હોદો આપ્યો તે પોતાની સમય સુચકતા અને સ્પષ્ટ વક્તા તરીકેના હિત વચનો સાધેની ચપળતાથી વરતાનો અકથ સંતોષ ફેળવી સવંત ૧૯૩૧ થને ૧૮૭૫ તા૦ ૧૫—૧૬—૧૭

ના રાજ માહારાજા સાહેબના શીક્ષા ગુરૂ મહેરબાન નટ સાહેબની ખાયસથી એડમીનિસ્ટ્રેટર સાહેબોએ કુંડલામાં એક પ્રદરશન (એકઝીબીસન) ઊઘાડયું તે પ્રસંગના બીજ લશી સ્મારંભમાં મહારાજા સહેબ, ગવરનર સાહેબ, મેહેરબાન પોલીટીકલ એજંટસાહેબ અને સંસથાનના એડમીની સ્ટ્રેટર સહેબો વીગેરે ઇંગ્રેજ અને નેટીવ આશીસરો, તથા તાલુકદારો અને ભાગીઆઓ વીગરે મળી આશરે ૧૦૦૦ માણસોનો પ્રોઢ મેળાવડો થએલો તેમાં પણ પોતાની સભ્ય શંકલના અને મેલાવડી પ્રજાતીથી આગતા સ્વાગતા અને પરોણુંચાર કરી સંભારંભના અગ્રેશરો અને બીજાઓથી પ્રીતિ મેળવી વળી જોઇંટ એડમીનીષ્ટ્રેટર સાહેબ મહેરબાન ઇ૦ એચ૦ પરશીવાલ સહેબ તા. (મહેરબાન દયાશી નાથુ ગૌરીશંકર ઊદેશંકર તેઓની પણ સજડ મહેરબાની પોતાના સગુણોથી સંપાદન કરી, સંવત ૧૯૩૪–૩૫ ના મોટા ભયંકર છપન રૂપ દુકાળમાં મહાલ આબાદ રાખી ગરાશીઆઓને રાજ્ય મદદ કરાવી શંવત ૧૯૩૬ની શાલમાં મહાયાત્રા જવા નિમિત રજા લેઇ પેનસિન માગ્યું શીવાય–

ડ્યુટીની નમુદ કરેલી કામગરિ શીવાય જોઇન્ટ એડમિનિસ્ટ્રેટર શાહેબોનો દ્રઢ વિશ્વાસ અને સત્યવકતા તરીકેના ભાનને લીધે દરબાર સાથે સ્ટેટના મુળ ગરાસિઆ વગેરેના હકો બાબત ઘણી મુદતની તકરારોનું સેટલ કરાવવાના કામમાં એજંટ તરીકે પોતાને વધારે વખત હજુર

માંજ રોકી કેટલાક મહત્વના શેરાઓ તેમના મારફત કીધાં તેમાં ચાતુર્યતાથી સ્પષ્ટ વાચકપણે રાખેલી સંકળનાએ દરબાર હક સાથેની ગિરાસીઆઓનો સ્નેહ સંપાદન કીધો.

આ ફાની દુનિઆ સ્વપ્ન રૂપ છે. અને દરેક મનુષ્ય સંસારનું સાર્થક કરવા સરજનહારની સંકળનામાં ફરજ યુક્ત બંધાએલ છે. અને તે સાર્થકમાં દયા, દાન અને દીનતા એ મુખ્ય ગણાય છે બલકે તેથી વિરક્ત રહેનારનું સંસાર વ્યવહારમાં અનિષ્ટ થઇ ફિરતારની પ્રીતી સંપાદન કરી શકાતી નથી. અમલનો અંધાપો, માયાનો મત્સર, શક્તિની સતા, અને પ્રજાની પ્રૌઢતા માનનારાઓ આખેર મનુષ્ય રત્ન દેહને અકાર્થ એળે જવા દઇ જગત નિયંતાના કાનુંનથી પિછાયત રહી જાય છે.

માણસ પોતાની જીંદગીમાં સ્વવર્ત્તનની વિક્રતાવસ્થા કરે છે. સંસારના ખોટા મોહપાસમાં સપડાઇ જઇ, હજારો કાવાબાજ અને દગલબાજ પ્રપંચો રચી પાપમાં ફસાઇ પડે છે પણ રે! કોણ સમજે છે કે આ દુનિઆ ફાની છે, માણસો જો એમ સમજતા હોય કે આયુષ્ય અલ્પ માટે ખોટા ફંદ અને અનાચરમાં કાળક્ષેપ કરવાથી જીતતર હારી જવાય છે. તોપણ તે કદિ પણ આ અવનીમાં અમર રહ્યા વગર રહેજ નહી. નાશવંત દેહે કરીને માણસ કદાચ હતો નહોતો થાય પરંતુ તેની કીર્તિનો પ્રકાશ સુર્યચંદ્ર સુધી તપે છે. જે જ્ઞાની હોય છે તે

વિચારે છે કે આખર અવસરે કશું સાથે આવનાર નથી તેઓ તો, આયુષ્ય અલ્પ છે, વખત વખતને ખાય છે; એમ સમજી જડપથી સત્કાર્ય કરી પોતાનું કર્તવ્ય બજાવી લે છે, જેણે પોતાની જીંદગીમાં લોક વખાણે એવું એકપણ કાર્ય કીધુ નથી, તેની પછાડી તેનો શોક કોણ પાળશે વારૂ? વારે વારે સ્મરણ કરી જેનો ધન્યવાદ બોલાયો નથી તે દુખીતોજ દુર્ગતિ પામ્યો એમ શમજવું. સુકીર્તિજ માણસને સ્વર્ગ આપેછે. જે સદાચારમાં સદા સંતોષ માનેછે એવા મહાન પુરૂશો ખચીત પ્રાણાગને પેગાછે. ભાઇચંદભાઇના કાર્ય ઉપરથી એમ જણાયછે કે તેઓને સદાચાર ઉપર પ્રીતિ અનાચાર ઉપર અભાવ હતો. તેઓ સારી પેઠે સમજતા હશે કે સુકીર્તી એ માણસના જન્મનુ સાર્થક છે અવનીમાં લાખો માણસની સંખ્યાછતાં એકજ માતના સપુતને સર્વ માણસો પિછાને છે અને ચાહે છે. વાહ વાહ બોલે છે, અને માત્ર તેના સુગુણથી પ્રબોધ લઇ ચઢતી પામે છે. પણ એવા સુપુત્ર જણનાર પવિત્ર માતાની દુનિઆમાં ઘણીજ ખોટ હોય છે, હરકોઇ માણસથી જે સારૂ કામ બને છે. તે તેની સાચી સમજણથીજ.

ભાઇચંદભાઇ પોતે સદાચારી હતા અને સદાચારની મહત્તા માનતા હતા, તે તેની ઓળખાણવાળા નાના મોટા સર્વ માણસો કદી અજાણ્યા નહી હસે. પોતે અનુ

ળવી હોવાથી તેનું દીલ કોમળ અને દયાળુ હતું. પર માર્થ કરવા તરફ/તેમનું મન વધારે ખેચાતુ હતુ. એ તે મના કાર્ય ઊપરથી સ્પસ્ટ જાણવાંમાં આવે છે. સ્વધર્મ ઉપ ર તેમની પુર્ણ આસ્થા હતી તેથી તે રસ્તે ધર્મદાનમાં તેમણે સારો પૈસો વાપરેલો છે. હયાતીનો મોહોળો ભા ગ સુકીર્તિ અને દેહનુ સાર્થક કરવા માટે કેટલાએક જળા શય સદાવ્રત દેવાલય વગેરે પોતાના સ્વાર્થ રહીત પરમા ર્થિક કાર્ય કીધાં છે જેવાં કે.—

મહુવા તાલુકાનાં ભાદરોડ ગામમાં ભદરેશ્વર મહાદે વના પુરાતન દેવાલયનો શંવત ૧૯૨૪નીં સાલમાં જીરણો દ્ધાર કરી ધર્મશાળા વગેરે બંધાવી રૂ ૫૦૦૦ પાંચ હ જાર ખરચ્યા.

બગદાણા તાલુકે સદરમાં બગડેસ્વર મહાદેવની મોટી બેઠક કરી ત્રવેણીનો કુંડ બંધાવ્યો તથા ધરમશાળા કરા વી શંવત ૧૯૨૪ ની શાલમાં ૧૦૦૦૦ દશહજાર ખરચ્યા.

ભાદરોડ અને ઓથા વચે પાણીની તંગીને લીધે વાવ બં ધાવી ધરમસળા કરાવી,ઠાકોરજીનું મંદીર બાંધી રૂ૫૫૦૦) શાડા પાંચહજાર ખરચ્યા અને ત્યાં હાલ શાધુ સંતને કા યમ સદાવરત અપાયછે.

રાજુલા પાસે ધારનાથ માહાદેવની જગો ઊપર ન- વેસરથી દેવાલય તથા ધર્મશાળા કરી રૂ૬૦૦૦)છ હજારનો સંવત ૧૯૨૩ ની સાલમાં ખરચ કર્યો અને તે જગોએ

પણ સાધુસંતને અન જળ આપવા બંદોબસ્ત કીધોછે.

રાજુલા અને ભીડીઆ વગે પાણીની તંગી હોવાથી સદર સાલમાં સારી બાંધણીની એક વાવ રૂ ૫૨૦૦) ગા. વનસેના ખર્ચથી બંધાવી.

જોલાપુરમાં માહાદેવશ્રી બથેશ્વરના દેવાલયનો જીર્ણોદ્ધાર કરી સંવત ૧૯૨૨ ની સાલમાં રૂ. ૭૦૦૦)હજાર ખરચ્યા.

શિહોરમાં પુરાતન અને મશહુર માહદેવશ્રી રાજ્યનાથજીનું દેવાલય ઘણું પુરાતની હોવાથી અને જગોની વીશેશ સંકોચતા સબબે સંવત ૧૯૨૮—૩૩ અને ૩૪ ની સાલમાં દેવાલયનો જીર્ણોદ્ધાર કરી, રંગ મંડપ અને ધર્મશાળા તેમજ નવો કુવો નવો બંધાવી રૂ૫000) પાંચ હજાર ખરચ્યાઅને દરેક સાલ ચાતુર માસમાં કથા વંચાવવાનો બંદોબસ્ત કીધો,

શંવત ૧૯૩૬ ની સાલમાં કુંડલાની કંડોલીઆની ન્યાતને રૂ૧૫૦)ની રકમ આપી તેના વ્યાજમાંથી દરેક સાલ સામુદ્રી માતાની ઉજાણીને દીવશ કંડોલીઆની ન્યાત જમવાનો બંદોબસ્ત કર્યો છે, તેમજ શંવત ૧૯૨૧ ની સાલમાં મહુવાના કંડોલીઆની ન્યાતમાં રૂ. ૮૦૦) આંઠસો આપી તેના વ્યાજમાંથી દરેક સાલ ઉપર પ્રમાણે કંડોલીઆની ન્યાત જમવા બંદોબસ્ત કરયો છે. તે મુજબ આજ તલગ ચાલે છે, શીવાય તેમના વડીલ તથા માતુશ્રીના ઉતર કા

ર્યમાં પ્રગાણા ખર્ચ કરી થાળીનું લાહ્યું કર્યું. વળી તેમના ચીરંજીવી કરશનદ તથા અમ્રતલાલ છગનलालનું લગ્ન કરી મહુવા તથા કુંડલામાં થાળી કળસ્યા અને ખુમચાનું લાહ્યું કીધું. સંવત ૧૯૩૪—૩૫ ની સાલમાં અનુક્રમ અનંતજીને દારો ઉજવી શ્રીમંત ભાગવતનું પારાયણ કરાવી બ્રહ્મપોળ, ગૌદાન વગેરે આપી એકંદરએ કાર્યમાં આશરે રૂ. ૪૫૦૦૦) પીસ્તાળી હજારનો મોટો ખર્ચ કર્યો. બાદ સંવત ૧૯૩૬ના વૈશાક વદ ૫ ના રોજ માહાયાત્રા કરવાને માટે સહ કુટુંબ અને પોતાના આશ્રીતો સહસો માસોને લઇ સીધાવ્યા તે મુંબાઇ ઉપર થઇ નાશીક, ત્રંબક, પ્રાગરાજ, કાશી, ગયાજી, અયોધ્યા, ઝાડખંડી વેજનાથ, મથુરાં, ગોકુળ વ્રજ, પુષ્કરજી, કાંકરોલી, શ્રીનાથજી અવંતિકાપુરી. ઓંકારનાથ થઇ, સુરત, ભરૂચ. (નર્મદાજી) ચાણોદ. કરનાલી, ડાકોરનાથજી અને સીદ્ધપુર થઇ સંવત૧૯૩૭ ના પોસ સુદી પાચમે એટલે ળા સાડાસાત મહીને સંપુર્ણ સંતુષ્ટ રીતે યાત્રા કરી પાછા આવ્યા, તેમાં ઠારઠાર બ્રહ્મભોજન કરાવી બ્રાહ્મણોને દક્ષણા આપી સદાવ્રતની નીમનોકો કરી નિરાશ્રીતોને આશ્રય આપી કંન્યાદાનો દઇ ધર્મ ગુરૂ ગોસ્વામી માહારાજોને મોટી ભેટ આપી મથુરાંજી પાસે શ્રી પ્રૃજીની જગોછે. તે મંદીર તથા મુર્તિ કેવળ જીર્ણ થઇ ખંડીત થઇ જવાથી નવેશર દેવાલય કરાવી મુર્તિની પ્રતિષ્ઠા કરી અને સોરમજીના ઘાઠ ઉપર ગોરને એક ફળ ૫

બાગ વેચાતી લઈ વંશપરંપરાને માટે કૃષ્ણાર્પણ કર્યો ને શ્રીનાથજીમાં પુરતી ભેટ આપી, આચાર્યોથી સંતુષ્ટતા સંપાદન કરી રૂ. ૧૦૦૦૦) દસ હજારનો મોટો ખર્ચ કર્યો.

યાત્રા કરીઆવ્યા બાદ પોતાની નોકરીનું રાજીનામું આપી પેનસીન લીધેલું તો પણ રાજ્ય ભક્તીની લાગણીથી મહારાજા અને ગુણગ્રાહક, કદર બુજ દીવાનસાહેબની મહેરબાનીના વલણે પોતાને ભાવનગર માંજ રાજ્ય ચાકરીમાં રહેવુ પડતુ અને ત્યાંજ વૈશાક વદી ૫ શુક્રવારે ઈશ્વરની અલૌકીક કુદરતી ખુબીની યોજનાથી માત્ર એકદમ આ ફાની અને ક્ષણભંગુર સ્વપ્ન રૂપ દુનિઆનો ૬૦ વરસ ૧૦ માસ અને બે દિવસનું આયુશ્ય ભોગવી, સ્વર્ગ નિવાસ કીધો આહા! આ કુદરતી બનાવની શું ખુબી!! કે જે તારીખે અને જે વખતે અને જે મહીને પોતે યાત્રાને માટે વિદાય થયા હતા તેજ મહિને તેજ ટાઇમે અને તેજ તારીખે આ પ્રૌઢ પ્રતાપી અને ગંભિર નર સદાની મહાયાત્રાએ સીધાવ્યા. નામ એનો નાશ આ વાક્ય હમેશાં સર્વેકોએ પુરતી રીતે પોતાના કઠોર યા કોમળ અંતઃકરણના અંદર કોતરી રાખી, તેને સારી રીતે હમેશાં યાદ લાવ્યા કરવુ એ વાત ઘણી અવશ્યની છે. વાંચનાર સજનો! ધ્યાન દ્યો અને દીલની દરીયાદીલીથી એક વખત નીહાળી લ્યો. કે જે માણસે લાખો રૂપીઆ પરમારથમાં ખરચ્યા અને કરોડો રૂપીઆની ભવિષ્ય સંપાદન કરી, વળી દુ–

નિયામાં પોતાનુ નામ સ્મરણીયતા અને ગંભિર વિચારશીલ તરીકે સુકીર્તિથી અમર નિભાવી રાખ્યું તેવા નરપણ આ ઓર કાળ ચક્રને તાબે થઇ આ મોહક સંસાર છોડી ગયા છતાં તેની સંગાથે કાંઇ પણ ગયું નથી. તોપછી આ પણે મારૂં અને તારૂં, જાડું અને થોડું, હું અને તું, માન અને અપમાન ઇત્યાદી મિથ્યા મત્સર અને ફોકટ ફીશિયારી રૂપદીપો અને વિશ્વસંતાપીપણું, એ શા માટે કરવું? અરે! આ માયારૂપ આફતના અંધેર પિછોડાએ આપણ સર્વેકાને એવા સજ્જડ રીતે ઢાંક્યા છે જ્ઞાન ચક્ષુપર અજ્ઞાનરૂપ પડદાની મજબુત છાપ ચોડી દીધી છે કે, તેમાથી વિરક્ત થઇ આ ક્ષણભંગુર દેહનુ સાર્થક કરવા કંઇ પણ સુજ પડતી નથી. પણ નહીં નહીં, એ માયા રૂપી મિથ્યા પાસના બંધનમાં બંધાઇને અજ્ઞાનતાને તાબે થઇ શામાટે પરતંત્રપણું ભોગવવું જોઇએ? આનાતિને અટકાવી સુનાતિને સંપાદન કરી દયા, દાન ને દીનતાથી દેહનું સાર્થક કરવા નયંતાના આપણા તરફ કીધેલા મોટા એહશાનનો કંઇ પણ બદલો વાળવો જોઇએ.

માણસો પોતાના મનના વિકારથી બહુ વાર જીંદગીને જોખમમાં નાખેછે, મનની મલીનતાને લીધે સ્થિતિને ભય ભરેલી અને અસ્થિર બનાવેછે અને પછી હાથના કૃત્ય હૈયે વાગતાં છતાં ઘોડે ચડે તે પડે ભાવ બળવા ન દીંવા એતો નસીબનો વાંક આવા વાક્યો બોલી ગ

મ તેમ કરડી મચરડી મન મનાવી, સંકટથી વિચારસાગરની ધુનમાં પુરૂષાતન ખોઇ બેસેછે. આવા માણુસોને જનપદ શાને માટે જોઇએ? જેને દેહની દરકાર નથી તે પોતાના જનમનું તો શું પણ આપ્તમંડળનું નાત જાત કીંવા દેશના લાભાર્થે શું કરી શકશે વારૂ? જેને શરીરની શુદ્ધિ નથી તે મનુષ્ય જાતના ઊતમપણાને શી રીતે પિછાની શકે? એવા જનોએ તો અવનીમાં અવતાર ધર્યોજ મિથ્યાછે. ભાડીને ગાડીમાં બેસારી વાડીમાં ફરવામાંજ આનંદ માન્યો; મીઠું મીઠું બોલી ભોળા લોકોને ભરમાવી પેટમાં નવગજની કાતી રાખી સ્વાર્થ સાધી લેવાનેજ સુખ માન્યું; સ્વાદીષ્ટ અનેકપ્રકારના ભોજનો જમવામાં સંતોષ વાલ્યો; કાલુ કાલુ બોલીને બહુ બહુ અન્ય જનની ખુશામત કરવામાં ઊન્નતિની આશા રાખી, ઘડીમાં આ અને ઘડીમાં તે; ફલાણું સારૂ અને આ નઠારૂ એમ બોલી બાથમબાથ કરવાને સારો સ્વભાવ સમજ્યા; નત નવા હોદા અને અખત્યાર હાથમાં આવવાથી રૈયતને પીડા આપી ધન લુટયું કીંવા ઊપરી અધીકારીને દગો આપી ન્યાય રાજ્યમાં અંધેર કહેવડાવ્યું; આવા એકથી અનેક માણુસો આ અવનીમાં આજકાલ જોવામાં આવેછે. અરે તેઓ નહી સમજતા હોય કે આ સંસાર સ્વપ્ન રૂપ છે? તેઓ નહી સમજતા હશે કે સર્વત્રાતા હાજરા હજુરૂછે? હાય હાય તેઓને પ્રભુનો પણ ભય નહી હશે? નીતિ

અને સદાચારથીજ હરેક કાર્ય જે માણસ કરે છે તેમાં ક દી તે ફતેહ પામ્યા વગર રહેતો નથી. દ્રઢતા અને નેક નિષ્ટાથી કામ કાજ કરનાર માણસ પોતાની મુરાદ હાંસ લ કરી જય—કીર્તિ મેળવેછે, ભાઇચંદભાઇ પોતે જે કા મ કરતા તેમાં નીતિને અનુસરીને, બહુ બહુ વિચારીને રાજાને અને પ્રજાને લાભકારક થાય એવી ગોઠવણ કરતા હતા. તેને કોઇપણ મહોબતવાળા, આપ્તમંડળ અથવા સ ગા સ્નેહીનો ચાંદો ચાંદવો નહી હતો. પોતે સ્પષ્ટ વકતા હતા અને બીજાને તેવા બનાવવાને ઉપદેશ આપતા હતા. પૈસો સંસારમાં વિકટ પ્રસંગે કેટલો ઉપયોગનો અને સુખ કારકછે, તેમજ સમૃધ્ધિની કેટલીમહત્તાછે તેનાથી તે બીલકુલ અજાણ નહી હતા; તેથી ખોટાકુડાઉપણાને વારંવાર ધિ ક્કારતા હતા, પરંતુ પોતેજ સત્માર્ગમાં બોહોળે હાથે ધન વા પરવામાં પછાત નહી પડતા હતા. પોતે કોમળ અને દયા ળુ હોઇને પારકાનું દુખ અને દરિદ્રતા જોઇ પોતાનું અં તઃકરણ દાઝતું હતું, પોતે નેકી અને સદાચરણની સેવા કરવામાંજ ધર્મ સમજતા હતા, તેથી રાજ્ય ભકિત શુધતા અને સચાઇથી નીમકહલાલ પણે બજાવી હતી. તેમજ પ્રજાને કોઇપણ પ્રકારની પીડા પોતાની કારકીર્દી માં રહેવા દીધી નથી, તેથી આજ હજારો લોકો તેના કાર્યને વખાણે છે, એટલુંજ નહી, પરંતુ તેના અમર ના મને હરેક કામકાજમાં ઉદાહરણ અર્થે વાપરી વારંવાર

તેમના ગુણો ગાય છે, એ શું તેના સત્કાર્યનું સામર્થ્ય શોભા આપતુ નથી? ત્યારે શું આવા પરોપકારી મહન્તો ના જન્મ ચરિત્ર ભવિષ્યની પ્રજાને માસલો લેવાને નહીં લખાવા જોઈએ? હજારો જન્મ ચરિત્ર ગુણ પ્રપંશા સાથે લખાવાની ઘણીજ અગત્ય છે. જન્મ ચરિત્રથીજ માણુશોને સુબોધ મળે છે, જન્મ ચરિત્રજ માણુશોને સુરસ્તો બતલાવનાર, સુભ કામમાં ઉસ્કેરણી આપનાર અને ચઢતી પમાડનાર એક ઈષ્ટ મિત્ર છે, છેવટે આ જન્મ ચરિત્ર પુરૂ કરતાં પ્રભુ પ્રત્યે મારી યાચના છે કે ભાઈચંદ ભાઈ જેવા સુજ્ઞજનો સ્વદેશમાં એકથી અનેક થાઓ અને એવા ગુણજ્ઞ મહન્ત પુરૂષોના જન્મ ચરિત્ર લખનાર પણ એકથી અનેક પુરૂષો થાઓ, આર્ય દેશનો જય થાઓ, જય, જય થાઓ, માર્ય બંધુઓનો!

હરીગિત છંદ

આ અવનિમાં અવતાર ધરિ શુભ કાર્ય બહુધા આદર્યા,
ધરિ ધ્યાન કેવળ હિત વિષે સહુ જગત જન રાજી કર્યા;
ભવ જલધિના મોજાં ઉછળતા સુખથિ પાર તરી ગયા;
જોકે વસ્યા જઈ સ્વર્ગ, પણ અતિ બંધુજન દુઃખિત થયા;
જે નીતિ માર્ગ વિષે વિશેષ અતુલ પ્રિતી બતાવતા;
વલિ બોધ શ્રમ લઈને કરી સહુ નિજ સમાન બનાવતા;
તે નાતિ રીતિ ઉમંગ ધરિ નિજ રાજ માટે વાપરી;

ધણી મને મનમાં નિરખવાને ફરી–
બીજા નરોને લક્ષ્મીના ગૃહવાસથી,
દીઠા નહી બહુ દિવસના સહવાસથી;
ાન્તિ સ્વભાવમાં ધરિ ભાવ ધર્મ વિષે રહ્યા,
જી અરેરે સુગ્ન નર એ ક્યાં ગયા, ૩
ાર્ય ધૈર્ય અનેક ગુણ ગણપણ ભલી વિધ પાળતા,
સત્ય લાગે મન વિષે તે માર્ગ સુભ સ્વિકારતા;
તે નિષ્કલંક અખંડ ઉજલી કિર્તીને પ્રસરાવજે,
આ વિનતિ જમુનાદાસની હરી કરી કૃપા ઉર ધારજે. ૪

समाप्त.

सुचना.

કપોલ હીત વર્દ્ધક નામનુ માશી
ક મુબાઇમાં રહી મી૦ વનમાલીદાસ
સ્વજ્ઞાતીના હિતાર્થે કાઢતા હતા પણ તેને
(ખરચ યોગ્ય) ન હોવાથી તથા તેઓ બે માસથી સા
ક હોવાને લીધે અને હાલ તેમને સારી નોકરી મલવાથી
બંધ થયુછે જ્ઞાતીના પ્રમાંણમાં ઉનતી સારૂ માસીક
ચોપાનીયાની અવસ્ય જરૂર છે આખ્યાલ સર્વેકો જ્ઞાતી
બંધુઓને હશેજ આ ચોપાનીયું કાઢવાનો હક મી૦
વનમાલીદાશે પોતાની ખવાયસથી મને આપોછે જેથી
જણાવા જરૂર થાયછે, કે જો **કપોલ હીત વર્દ્ધક**
કાયમ નભેતો ખરે તે જ્ઞાતીની ચઢતીનુ અગ્રેસર સા
ધન ભુત થવાનુ કદાપી આજ્ઞાત હીતેચ્છુ ચોપાનીયાને
સારો આસરો જ્ઞાતીબધુઓ તરફથી મલશે એટલે માત્ર
ચોપાનીયાના ખર્ચ પુરતો જતો હુ આ મંથલી પેપર
જ્ઞાતીની શેવા બજાવવા ખાતર નીભાવવા મારી ફરજ
શામજુછુ તા૦ ૧-૧૨-૮૪

જમનાદાસ હીરજીભાઈ દોસી

સીહોર હાલ સરવીસ વડોદરા